Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૮
૧૫ જુન

જેઠ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪

आणाऽनिद्देसकरे, गुरूणमणुववायकारए ।
पडणीए असंबुद्धे, अविणीए त्ति वुच्चई ॥ ११ ॥

જે મનુષ્ય ગુરુજનની આજ્ઞા પ્રમાણે વર્તતો ન હોય, ગુરુજનની દેખરેખમાં ન રહેતો હોય-સ્વચ્છંદી હોય, ગુરુજનનો વિરોધી હોય, બેવકૂફ હોય–સમજ વગરનો હોય તે અવિનીત–વિનય વિનાનો કહેવાય છે.

—મહાવીર વાણી

પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૦ મુ :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | કમલની નિર્લેપતા .... .... | (બાલચંદ હિરાચંદ "સાહિત્યચંદ્ર") | ૬૫ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક ૫૮ .... .... | (સ્વ. મૌક્તિક) | ૬૬ |
| ૩ | આનંદી વૃત્તિ .... .... | (બાલચંદ હિરાચંદ "સાહિત્યચંદ્ર") | ૬૮ |
| ૪ | બન્ધ સમગ અને એનાં વિવરણોનું સરવૈયું | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૭૧ |
| ૫ | ચૌદ ગુણસ્થાન .... .... | (પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી-ભાવનગર) | ૭૫ |
| ६ | संसार दावानल स्तुतिकी एक प्राचीन भाषाकी टीका | (अगरचंद नाहटा) | टा. पेज ३ |


## સભાસદોને સૂચના

બહારગામના લાઇફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ જલ્દીથી મંગાવી લેવા તસ્દી લેશો.

—જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## નવા સભાસદ

૧ કુન્દનલાલ કાનજીભાઇ ભાવનગર લાઇફ મેમ્બર

(ટાઇટલ પેજ ૪ થી શરૂ)

संसारू नइ विरहि करि वरू प्रधानु । हे श्रुतदेवति तुम्हि किसा छइउ । आमूल लगी लोलचंचल धूरि परागु तीय नउ बहुल घणु परिमलु तेऊ भणित अगारू घरि तिणि भूमि निवास, तम्हारउ अनइ छाय सरीर शोभा तीय नउ संभारू समूह तिणि करी सारू अनइ वर कमल करे कमलहस्त अनइ तार देदीप्यमान तारा तिणि करी अभिराम। अनइ वणी संदोह वाणी समुद्र देहु जेहनउं स सरस्वती देवता भव विरह वरू सारू मोक्ष दियउ ॥ ४ ॥

अन्य स्तुतियों की तरह ४ पद्य वाली इस स्तुति में प्रथम पद्य में महावीर स्तुति दूसरे में सर्व जिनों की, तीसरे में श्रुतसागर या द्वादशांगी और चौथे में श्रुतदेवी की स्तुति है। ४ पद्य क्रमशः उपजाति, वसन्ततिलका, मन्दाक्रान्ता, स्रग्धरा इन ४ छन्दों में है। जैन साहित्य विकास मण्डल से प्रकाशित "पंच प्रतिक्रमण की प्रबोध टीका" के गुजराती संस्करण में प्रथम पद्य का छन्द इन्द्र वज्रा बतलाया है जब की हिन्दी संस्करण में उसका नाम उपजाति दिया है। गुजराती संस्करण में विवेचन बहुत विस्तृत है और अन्त में एक नया प्रवाद लिखा गया है कि हरिभद्रसूरिजीने १४४४ ग्रन्थ की रचना करने का संकल्प किया था। उनमें से १४४० ग्रन्थ तो बन गये, पर ४ बाकी रह गये तब इस स्तुति के ४ पद्य बनाकर संख्या की पूर्ति कर दी। वास्तव में यह प्रवाद सही नहीं है क्योंकि अभयदेवसूरि, मुनिचन्द्रसूरि, और देवसूरिने सूरीजीकी रचनाओं की संख्या १४०० ही बतलाई हैं। राजशेखर सूरिने १४४० की संख्या दी है। १४४४ की संख्या पीछे प्रसिद्ध हुई है।


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૮
જેઠ
વીર સં. ૨૪૯૦
વિક્રમસં. ૨૦૨૦

## કમલની નિર્લેપતા



(મદિરા છંદ)

ચઉમુખ બ્રહ્મા સૃષ્ટિતણો જે કર્તા જગજન માને છે,
જસ આજ્ઞા વિણ પાન વૃક્ષનું પણ હાલે નહીં જાણે છે;
એવા સહુથી પ્રથમ દેવ પણ કમલમાંહી નિજ વાસ કરે,
પદ્માદેવી જગને વ્હાલી તેહ તણું પણ ચિત્ત હરે. ૧

પંક ગણાએ અશુદ્ધ પણ ત્યાં પંકજ કેરો જન્મ થયો,
ભારતભૂષણ પુષ્પતણી એ પદવી તો સ્વયમેવ લહ્યો;
શતદલ ને વળી સહસ્ર દલના વિવિધ રૂપ તસ જગ જાણે,
નયન અને વળી સંતહૃદયને ઉપમા તેની ઉચિત ગણે. ૨

અશુદ્ધ જલ પંકિલ ને કુત્સિત્ તેમાં જન્મી અધર રહ્યો,
લેપાયો નહીં જલમાં કોં'દિ જીવન સમુચિત શુદ્ધ લહ્યો;
સાધુજનો પણ એહ જ રીતે શુચિ જીવન તેવુ ગાળે,
કજ્જલની કોટડીમાં રહેતા શુદ્ધ હૃદય નિજ અજુવાળે. ૩

કવિજનનો તું મિત્ર ખરેખર ઉપમા તારી એહ લહે,
હસ્ત પાદ મુખ હૃદયતણે પણ કમલતણી ઉપમા જ ગ્રહે;
રૂપ કમલનું અતિવ મનોહર તસ દલ ઉપમા નેત્રતણે,
ગુણ ગાતા થાકે નહીં કવિએ। ઉપમા એની નિત્ય ભણે. ૪

ગંધ અલૌકિક કમલે વસીયો ભૃંગતતી જયનાદ ભણે,
રસ તારો મધુ લેવા માટે કરે પ્રાર્થના તવ ચરણે;
જે ઉપકારી જગજન કેરો રૂપ ગુણે વ્હાલો જાણુ;
તસ ગુણનો ઉપદેશ લહે જે શુભ કલ્યાણ થશે તેનું. ૫

કમલસમું નિર્લેપ જણાએ સાધુ હૃદય નિષ્પાપ સદા,
કામ ક્રોધ મદ લોભ થકી પણ દૂષિત થાએ એ ન કદા;
કમલગંધ નિર્દોષ આત્મનો સાધુ મધુપનું ચિત્ત હરે,
આચરણા નિજ શુદ્ધ પાળતા સંતતણું મન ત્યાં જ ઠરે. ૬

સ્વભાવ જેનો કમલસમો હો નિર્લેપિત સંસાર મહી,
ધન્ય ધન્ય તે નર આ જગમાં પૂજ્ય માન્ય ને સાધુ સહી;
જેના ચરણો સુરનર સેવે અખંડ સેવા માંહી રહી,
જગમાંહી નિર્લેપ રહેવું કમલસમું મન શુદ્ધ લહી. ૭

કમલપત્ર પર જલબિંદુ પણ મુક્તાફલની વિભા લહે,
તેના ગુણ આચરતા સત્વર મુક્તાફલ થઈ તેહ રહે;
કમલસમું રાખો મન અંતર સાત્વિક શુદ્ધ વિમલ ભાવે,
બાલેન્દુ બોલે છે તેથી મુક્તિરમા તસ વશ થાવે. ૮

કવિ :—
સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ
માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૫૭

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

૪. **સૂરિપદ:** આચાર્યના છત્રીશ ગુણ છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇંદ્રિયોનો સંવર કરે, અનુકૂળ ઉપર રાગ ન ધરે, પ્રતિકૂળ વિષયો પર દ્વેષ ન ધારે. અને નવવિધ બ્રહ્મચર્યની વાડ બરાબર જાળવે. (સ્ત્રી પશુરહિત સ્થાને રહે. સ્ત્રી સાથે કે સ્ત્રી સંબંધ વાત સરાગપણે નકરે. સ્ત્રીના આસન પર બે ઘડી ન બેસે. સ્ત્રીનાં અંગોપાંગ રાગથી નીરખે નહિ. ભીંતને આંતરે કે બાજુના રૂમમાં સ્ત્રી વાત કરતી હોય ત્યાં સૂવે નહિ. પૂર્વકાળ-જુવાનીમાં કામ સેવન કરેલ હોય તેને યાદ કરે નહિ વિષયવર્ધક સરસ આહાર ન કરે, અતિમાત્રા આહાર ન કરે, શરીર શોભા ન કરે. આમાં સ્ત્રીએ પુરૂષ માટે સમજી લેવું. બે ઘડીનો કાળ કહ્યો છે ત્યાં ત્રણ પહોર કાળ સમજવો.) ક્રોધ માન માયા લોભથી મુક્ત હોય. પાંચ પ્રકારના આચાર–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર બરાબર પાળે (અગાઉ આરાધનાને અંગે વર્ણવ્યાં છે. જુઓ પૃ. ૩૩૫–૩૫૧) પાંચ મહાવ્રતને બરાબર પાળે: સર્વ પ્રાણાતિપાત વિરમણ, સર્વ મૃષાવાદ વિરમણ, સર્વ અદિન્ન આદાન વિરમણ, સર્વ મૈથુન વિરમણ, સર્વ પરિગ્રહ વિરમણ અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને બરાબર પાળે. આ છત્રીશ ગુણયુક્ત, ધર્મના નેતા, સાચા ઉપદેશક, તીર્થંકરની ગેરહાજરીમાં શાસનને ચલાવનાર આચાર્યનું સ્થાન અનોખું છે. એ નિરંતર અપ્રમત્ત હોય, આખા ગચ્છ પર નજર રાખનાર હોય, દીર્ઘદ્રષ્ટા હોય, દેશકાળના જાણકાર હોય અને દોરવણી આપવા યોગ્ય સામગ્રીથી ભરપૂર હોય–ગણધરો, યુગપ્રધાનો, અને શાસનના ડંકા વગાડનાર મહાન લેખકો, વાદીઓ રાજા–મહારાજાને ઉપદેશી ધર્મપ્રચાર કરાવનાર હેમચંદ્રાચાર્ય જેવાને નજરમાં રાખી આ પદની સેવા કરવી. એને શિક્ષા આપતાં પણ આવડે અને શિષ્ય પરીક્ષા પણ આવડે. એની નિર્લેપતા અને અપ્રમાદતા, વત્સલતા અને ઉપકારિતા આદર્શ હોય.

૫. **સ્થવિર:** સાધુ થયા પછી વીશ વર્ષનો કાળ પસાર કરે, સાધુધર્મમાં સ્થિર થઈ જાય, ઢીલાપોચાને ઠેકાણે લઈ આવે, જેનામાં અસ્થિ-મજ્જાએ ધર્મ પ્રગટી ગયો હોય તે સ્થવિર કહેવાય. મેઘકુમાર જેવા સુખશય્યામાં સૂનાર રાજકુમારને સમયસર ઉપદેશ અને વાત્સલ્યથી જેનામાં ધર્મમાં સ્થિર કરવાની તાકાત હોય, જેઓ પોતે અભ્યાસી, અનુભવી, આચાર પાલન કરનાર, આદર્શ સાધુજીવન પાળનાર હોય તે સર્વ લોકોત્તર સ્થવિર કહેવાય. માતપિતાદિ લૌકિક તીર્થ કહેવાય. સાધુધર્મમાં સ્થિર થયેલા અને. સ્થિર કરનારા આ સ્થવિરો ખરેખર આદર્શ વ્યક્તિઓ છે. એમનું સ્મરણ કરવું એ પણ ખરો લ્હાવો છે. આ સ્થવિર પદમાં ભારે મહત્તા છે.

૬. **ઉપાધ્યાય:** સાધુ શ્રાવકને ભણાવનાર, ભણવાનો જોગ કરી આપનાર આ ઉપાધ્યાયો વર્તમાન યુગના પ્રોફેસરો (અધ્યાપકો) જેવા હોય. પોતે વિશદ ચારિત્ર પાલન કરનાર, ખાસ નિષ્ણાત, પાકા અભ્યાસી અને ગમે તેવા જડ બુદ્ધિવાળાને પણ શાંતિથી ભણાવનાર, રખડુને ઠેકાણે લાવનાર, તોફાનીને વિનીત બનાવનાર અને આખો વખત અભ્યાસમાં રત, અગમનિગમના પારગામી અને છતાં ચારિત્ર ક્રિયામાં પૂર્ણ રસ લેનાર અને કરનાર અને આખો વખત સ્વાધ્યાયમાં પ્રવૃત્ત આ ઉપાધ્યાયો ખાસ ધ્યાવવા યોગ્ય વ્યક્તિ છે. અગિયાર અંગ બાર ઉપાંગ ભણે ભણાવે અને ચરણસિત્તરી કરણસિત્તરી શુદ્ધ રીતે પાળે એ એના પચીશ ગુણ હોય છે. આ ઉપાધ્યાયનું સ્થાન પણ ખરેખર વંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજનને યોગ્ય છે. રાજા જીવતા હોય ત્યારે જે કાર્ય પાટવી કુમાર કરે, પ્રમુખ હોવા છતાં સમાજમાં કે સંસ્થામાં જે કાર્ય ઉપપ્રમુખ કે મંત્રી કરે તેવું ગણુ ચિંતા અને અભિવૃદ્ધિનું કાર્ય ઉપાધ્યાય કરે.

૭. **સાધુ-મુનિ:** એનામાં સત્તાવીશ ગુણ બતાવ્યા છે. પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વ્રત પાળે, છ કાય ( પૃથ્વી, અપ, તેજસ, વાયુ, વનસ્પતિ અને ત્રસ ) જીવોની પોતાના આત્માની જેમ રક્ષા કરે; પાંચ ઇંદ્રિય અને લોભનો નિગ્રહ કરે, ક્ષમાને ધારણ કરે, ચિત્તની નિર્મળતા ( ભાવવિશુદ્ધિ ) કરે, પડિલેહણ વિ શુદ્ધિપૂર્વક કરે, સંયમના યોગ ( સમિતિ ગુપ્તિ ) થી યુક્ત હોય, મન વચન કાયાની માઠી પ્રવૃત્તિને રોકે, બાવીશ પરીષહ સહન કરે, મરણાંત ઉપસર્ગ સહન કરે પણ ધર્મને ચૂકે નહિ. આ સાધુના સત્તાવીશ ગુણ ખૂબ મનન કરવા યોગ્ય છે. ઋષિ, મુનિ, અણગાર, સાધુ, તપસી, સર્વવિરતિ, નિર્ગ્રંથ, સંત, મહંત, વગેરે અનેક શબ્દો એને માટે વપરાય છે. સાધ્ય પ્રાપ્તિનો સીધો સરળ રાજમાર્ગ સાધુપદના સ્વીકારમાં છે સાધુધર્મ સ્વીકાર્યા વગર આત્મધર્મમાં પ્રગતિ લગભગ અશક્ય છે. બેંતાલીશ દોષ રહિત આહાર લેવો, ચરણસિત્તરી કરણસિત્તરી પાળવા, હાલતા ચાલતા સંભાળ રાખવી, શરીર વિભૂષા ન કરવી, ઉઘાડે પગે ચાલવું, વાહનનો ઉપયોગ ન કરવો, ગાડી, ગાડું, શીગરામ, મ્યાનો, પાલખી. મોટર, એરોપ્લેનનો ઉપયોગ ન કરવો, પારકાને ત્યાંથી લઇ આવી આરંભ સમારંભ વગર મળી આવે તે આહારપાણી નિરસપણે કરવા, કુથળી વિકથા ન કરવા, અપ્રમાદીપણે યોગ સાધન આત્મ ચિંતવન અને સાધનક્રિયામાં સમયનો સદુપયોગ કરવો. આવી રીતે વર્તનાર મહાભાગી જે સંસારની નજીક રહે પણ સંસારથી અળગા રહે એ પદના પ્રતાપી આત્મવૈભવીને નજરમાં રાખી સાધુની સાધુપદની ભક્તિ કરવી. પ્રથમના સાત પદોમાં પ્રવચનપદ ( નં. ૩ ) સિવાયનાં બાકીનાં છ પદો વૈયક્તિક છે બાકીના પદો 'ગુણ' છે. ગુણ ગુણીનો સંબંધ વિચારવા યોગ્ય છે. અહીં તો પ્રત્યેક પદને આરાધવાની યોગ્યતા અને પદનો પોતાનો મહિમા બતાવવાનો છે.

૮. **જ્ઞાન:** સ્વપર પ્રકાશક જ્ઞાનનો મહિમા અતિ ઉજ્જ્વળ છે. ધર્મ માર્ગમાં સ્થિર રાખનાર, તત્ત્વ શ્રદ્ધાને કાયમ કરનાર જ્ઞાન તો ખરેખર દીવો છે, એ અંધકારમાં ગોથા ખાનારનો આધાર છે, એ અંદર અને બહાર જાગૃતિ આણનાર ચેતન છે. જ્ઞાનનો અભ્યાસ કરવો, અભ્યાસ કરનારને મદદ કરવી, એનાં સાધનો યોજી આપવાં, એનાં પુસ્તકો લખવાં લખાવવાં ભાષાંતર કરવાં છપાવવાં અને એનો વિસ્તાર દેશ-પરદેશમાં થાય તે માટે પ્રયત્ન કરવા એ સર્વ જ્ઞાનપદની આરાધના છે. જ્ઞાનની આશાતના ન કરવી, જ્ઞાનના પ્રચારમાં આડે ન આવવું અને જ્ઞાનનો મહિમા સમજી એને વિસ્તારવું એ જ્ઞાનપદની આરાધના છે. તત્ત્વવિચારણા, દ્રવ્યગુણપર્યાયનું જ્ઞાન ત્રિપદીનો વિસ્તાર, નયનિક્ષેપની સૂક્ષ્મતા આ સર્વનો જ્ઞાનમાં સમાવેશ થાય છે. એનો અભ્યાસ એ એની સાચી સેવા છે અને એના વિસ્તારને અંગે પ્રયત્ન પ્રેરણા અને અનુમોદના એ એ પદની આડકતરી સેવના છે. આ પદનો મહિમા મોટો છે, જ્ઞાન તો ખરેખર દીવો છે, સ્વપર પ્રકાશક છે, પૃથક્કરણ કરવા યોગ્ય છે, આત્માનો ગુણ છે, પોતે જ આત્મા છે.

૯ દર્શનપદ: સંસારથી પર, વીતરાગ, વીતદ્વેષ, પરભાવથી દૂર, આત્મગુણમાં રત અને આદર્શમાં દેવ તરીકે માનવા, પૂજવા, ત્યાગી વૈરાગી ભવભીરુ ધર્મપરાયણ સંતને ગુરૂપણે માનવા, અપેક્ષાને ધ્યાનમાં રાખી વિશિષ્ટ પરીક્ષા કરી શ્રદ્ધાપૂર્વક તર્ક ન્યાયના પ્રમાણથી સ્વીકારે તે ધર્મ-આ દેવ ગુરુ ધર્મની વિશિષ્ટ શ્રદ્ધા, તેની પિછાણ અને તેનો સ્વીકાર કરવો તે દર્શનપદ સેવના. ધર્મપ્રભાવના માટે, વિશુદ્ધ શાસનના ઉદ્યોતને માટે અને ધર્મપ્રચાર માટે પ્રસિદ્ધિ માન કે ધનપ્રાપ્તિની ઇચ્છા અપેક્ષા વગર યથાશક્તિ સેવા કરવી, ખોટા આળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદી વૃત્તિ

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

આનંદી વૃત્તિ એટલે શું ? નાટકમાં વિદૂષક આડુઅવળુ નાચે અને અસંગત બોલે તેથી લોકો ખડખડ હસે. રસ્તે જતો ભીખારી બદસૂરમાં ગાય ને લોકો હાંસી કરે. કોઈ સ્ત્રી અઘટિત ગાણા ગાય અને અસંગત ચાળા કરે, મશ્કરી કરવાના બહાને કોઇ વિચિત્ર બોલે, અને ચાળા પણ કરે. કોઇ વક્તા હાસ્યકારક દૃષ્ટાંતો ઉચ્ચરે અને મજાકના કાવ્ય વચનો બોલી જાય એથી આપણે હસીએ ખરા. ઘણાઓ હસતા આંખમાં પાણી વરસાવે પણ ખરા અમારા લખાણનો ઉદ્દેશ એવા આનંદનો નથી.

કોઇનો કેસ જીતાયો અને લાખોનો લાભ થયો. લોટરીમાં નંબર આવ્યો, લાખ મળ્યા. કોઈ પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યો. કોઇને ત્યાં પુત્ર જન્મ થયો, વેપારમાં અણધાર્યો લાભ થયો, એવા એવા અનેક કારણે મનને આનંદ આનંદ થાય. એવી ઘટનાઓ સાથે પણ અમારા લખાણનો સીધો સંબંધ નથી. અમારા એક મિત્ર હતા તેમનો સ્વભાવ જ રમુજી. તેઓ આવે અને રમુજ પેદા થાય. તેઓ બોલવા માંડે અને હાસ્યરસના મોજા શરૂ થાય. તેમના મુખ ઉપરની રેષા જોઇને જ લોકોને હસવું આવે. એવો આનંદની વૃત્તિ સાથે પણ અમારો લખાણનો સંબંધ નથી. અમારા લખાણની આનંદી વૃત્તિ તો જુદી જ છે.

કોઈ વ્યાખ્યાન આપતું હોય અને હુંકારો પણ આપતા હોઇએ. તેવામાં વ્યાખ્યાતા પૂછે કે, મારા ભાષણનો હેતુ તમો શું સમજ્યા ? અને આપણે જવાબમાં કહીએ કે, સાહેબ મારૂ ધ્યાન ન હતું ! અગર કોઈ માણસ આપણે બેઠા હોઇએ અને આપણી સામેથી કાંઈ ઉપાડી પણ જાય, થોડી વાર પછી કોઇ આવી કહે કે. તમારી પાસે અમોએ ચોપડી મૂકી હતી તે કોણ લઈ ગયું ? એના જવાબમાં આપણે કહીએ કે, ભાઇ, કોઈ આવ્યું હતું પણ મારૂં ધ્યાન ન હતું. આ ઘટનાઓ સ્પષ્ટ જોવામાં આવે છે કે, કાન ઉઘાડા હતા, શબ્દો કાન ઉપર અથડાયા પણ ખરા, પણ તેને સાંભળી આત્મા સાથે તેનો સંબધ જોડી દેનારો ત્યાં હાજર ન હતો. અને પુસ્તક ઉપાડી જનારાની ક્રિયા આંખે દીઠી ખરી પણ એને આપણા આત્મા સાથે જોડી દેનારો ત્યાં હાજર ન હતો એટલે ઇંદ્રિયોનો સંબંધ આત્મા સાથે જે જોડી આપે છે અને જેને લીધે આપણે આપણા આત્માને વાસિત કહીએ છીએ એવી વસ્તુ કોઈ બીજી જ છે. અને એને આપણે મન તરીકે ઓળખીએ છીએ.

એ ઉપરથી ફલિત થાય છે કે, આપણા શુભ અગર અશુભ કર્મોને આત્મા સાથે એકરૂપ કરી દેનારૂં મન જ છે. એ મન જ પોતાનું કામ કરવાનું બંધ કરી દે તો આપણે ઇંદ્રિયોની શક્તિ છીનવી લઇએ એ સ્પષ્ટ છે. આપણે ક્ષણવાર પણ નિષ્કર્મ રહી શકતા નથી. એવી અવસ્થામાં એ મનને જ પ્રસન્ન અવસ્થામાં રાખી શકીએ તો કર્મના હુમલાઓ અને તેની અસરોથી આપણે બચી શકીએ એ આપણા મનને જ કોઈ આનંદી વૃત્તિમાં ગોંધી રાખી શકીએ તો આપણે આત્મોન્નતિના કાર્યમાં ઘણું

( શ્રી વર્દ્ધમાન-મહાવીર )

પંપાળમાં ન પડવું, અન્યત્ર સત્ય સ્વીકાર કે અપેક્ષા સત્ય હોય તેને સમજવું એ સર્વ દર્શનપદની સેવનામાં આવે આ દર્શનપદ મોક્ષને માટે રસ્તો કરનાર છે, સંસારને પરિમિત બનાવનાર છે, ક્રિયામાર્ગ તરફ રૂચિ વધારનાર છે અને આત્માનો ગુણ હોઇ તેની સાથે સીધો સંબંધ ધરાવનાર છે. દર્શનમાં સામાન્ય રૂપે વસ્તુ જણાય છે, જ્ઞાન તેના ગુઢાર્થ કે વ્યંગમાં ઊતરે છે દર્શનમાં રહેલ તત્ત્વ શ્રદ્ધાનનો ગુણ બહુ પ્રશસ્ય છે. એમાં સમાન ધર્મની સેવા, વડીલ તરફ પ્રેમ અને કૃતજ્ઞતા આદિ અનેક પ્રાગતિક ગુણો આવે છે.

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કરી શકીએ તેમ છીએ. સંતો ભાખે છે કે, સદા મગનમેં રહના! એનો પરમાર્થ પણ એ જ છે. સદા આપણું મન મગ્ન રહેલું હોય તો તેને દુઃખ શી રીતે સ્પર્શ કરી શકે તેમ છે! આપણને દુઃખ ગમતું નથી ત્યારે તેની તીવ્રતા ઓછી કરવી હોય તો એ દુઃખને આત્મા સુધી પોહોંચાડનારૂં જે મન, તેને જ જો નિષ્ક્રિય કરી મૂકેલું એટલે શાંત કરી રાખેલું હોય તો દુઃખ આત્મા સુધી પહોંચાડે જ કોણ?

સુખ અને દુઃખ આપણે ગત ભવોમાં વાવી મૂકેલા છે તેનો ઉદય ક્યારે થશે તે આપણે જાણતા નથી, અને આપણે તે ટાળી પણ શકતા નથી ત્યારે આપણી ઇંદ્રિઓ દ્વારા આપણા મન ઉપર થતા તેના હુમલાઓ સુસહ્ય કરવા એ જ માર્ગ આપણી સામે રહે છે. ત્યારે તે જ માર્ગ આપણે અનુસરીએ એટલું આપણા હાથની વાત છે. સદા મગનમેં રહેના!

અમોએ ઉપર કહ્યું કે, સુખના પણ હુમલા આપણી ઉપર થતા હોય છે એનો અર્થ શું? સુખ તો આપણને ગમતી વસ્તુ છે. એનો વળી હુમલો કેવો? આપણું મન હુમલાઓ સહન કરે એને પણ કાંઈક મર્યાદા હોય છે એ મર્યાદાની બહાર જો સુખની સંવેદના જતી રહે તો એ સુખની સંવેદના પણ ભયંકર દુઃખ લાવી મૂકે છે. એના અનેક દાખલાઓ અવારનવાર થતા હોય છે. પણ આપણે તેની તરફ ધ્યાન જ આપતા નથી તેથી તે આપણી કલ્પનામાં બેસતું નથી.

એક સામાન્ય સ્થિતિનો માણસ હતો. ભાગ્ય યોગે એણે એક લોટરીની ટિકિટ ખરીદેલી. વખત પાકતા એનો નંબર આવ્યો. અને એને એકી સાથે પાંચ લાખ રૂપીઆ મળવાના જાહેર થઈ ગયા એ સાંભળતા એ સુખનો હુમલો આનંદમાં પરિણમવો જોઈએ એ એના મનની સહન શક્તિની બહારનો હોવાથી એને આનંદ તો થયો. પણ તે અસહ્ય થઈ ગયો. અને એનું કાળજુ રૂંધાઈ ગયું અને એ ગતપ્રાણ થઈ ગયો એને જ અમોએ હુમલાના નામે ઓળખાવ્યો છે. બીજા કોઈ પાકા કાળજાવાળો હોત અને એને લાભ થયો હોત તો એ પરિણામ આવ્યું ન હોત.

સ્વરાજ્યનું આંદોલન ચાલતું હતું. તે વખતનો અમારો પોતાનો અનુભવ અત્રે રજુ કરી અમારો મુદ્દો સિદ્ધ કરવાનો પ્રયત્ન અમો કરીએ તો વધારે અસરકારક નિવડવા સંભવ છે, તેથી તે અમો રજુ કરીએ છીએ.

સ્વદેશી અને સ્વરાજ્યની હીલચાલ ચાલતી હતી. તેમાં અમો સારો ભાગ લેતા હતા. પોલીસે બીજાઓની સાથે અમારી ઉપર પણ કેસ કર્યો. તેમાં અમોને પાંચ વરસની સજા ફરમાવવામાં આવી. અનેકોને સજા થઈ. એ બધાઓ રડવા બેઠા. તેઓને બધાઓને હિંમત આપવાનું અને શાંતિ રાખવાનું કામ અમારી તરફ આવ્યું. જાણે અમો તેમાંથી બચી જ ગયા હોઈએ! અમારામાં એ શક્તિ ક્યાંથી આવી, એનું અમોને હજુ પણ આશ્ચર્ય થાય છે. કહેવું પડશે કે અમોને આનંદમાં અને સંકટ પ્રસંગે મનની શાંતિ જાળવી રાખવાની પહેલેથી જ ટેવ પડેલી છે!

એનો અર્થ એ થયો કે, મનનું સમતોલપણું દરેક પ્રસંગે રાખી મનની પ્રસન્નતાને કાયમ રાખી આનંદીવૃત્તિ માણસે ગુમાવવી નહિં જોઈએ. કારણ આ સંસારમાં સુખ સાથે દુઃખ, જય સાથે પરાજય અને લાભ સાથે અલાભ એ સંકળાએલા જ છે. તેથી આપણે પ્રસંગોપાત આપણા મનનું સમતોલપણું ગુમાવી, સુખ આવતા હસવું અને દુઃખના પ્રસંગે રડવું એમ કરવાથી કર્મના બંધનો આકરા થાય છે અને પરિણામે આપણને એ ભોગવવા પડે છે, એટલા માટે જ આપણે મનની આનંદી વૃત્તિ ક્યારે પણ ગુમાવવી નહિં જોઈએ.

આનંદીવૃત્તિ રાખવાથી આરોગ્ય જળવાઈ રહે છે તંદુરસ્તી સચવાય છે, અને રોગ આવતા તેનું નિવારણ સુલભ થાય છે, અને મનને સમાધાન અને શાંતિ મળતી રહે છે. અને આમ થવાથી ધર્મભાવના સાચવવામાં ઘણી અનુકૂળતા થઈ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવું નવું જ્ઞાન, નવું નવું અનુષ્ઠાન, નવી નવી પ્રક્રિયાઓ, નવું નવું વાંચવાનુ અને સાંભળવાનું સૂઝે છે અને તેને લીધે આપણો આત્મા પ્રતિદિવસે ઉન્નતિના માર્ગે પ્રગતિ કરતો રહે છે. એ ઉપરથી આનંદી વૃત્તિનું મહત્ત્વ આપણને સમજાય તેમ છે.

જે માણસ હમેશ દુઃખી કહી અને નિરાશાનું જીવન ગાળતો હોય છે, એ પોતામાં કાંઈ જ માલ નથી, પોતે કાંઈ જ કરી શકે તેમ નથી, એમ માનતો રહે છે. તેના મનમાં એક જાતનો ન્યૂનગંડ પેસાય છે. અને એ રીતે એ હમેશ નિરૂત્સાહી, દુર્બલ અને પામર જ થતો જાય છે. એના હાથે ઐહિક કે પારમાર્થિક કોઇ પણ જાતનું સારૂ કાર્ય થઈ શકતું જ નથી. અને એવી રીતે એ પોતાનો અમૂલ્ય એવો માનવ દેહ ગુમાવી બેસે છે.

બીજા એવા પણ લોકો હોય છે કે જે કાંઇક પરોપકારનું અથવા ધર્માનુષ્ઠાનનું કાર્ય કરે છે. પણ સાથે સાથે તેમાં પોતાની કીર્તિ, નામના વધે, લોકો પોતાને માને, પૂજે, એવી કલુષિત ભાવના રાખે છે. એવા લોકો એમ માનતા હોય છે કે, તેઓએ લોકો ઉપર ઘણા ઉપકાર કરેલા છે. ત્યારે તેનો બદલો લોકોએ વાળવો જ જોઇએ. અને લોકો તેમ ન કરે ત્યારે તેઓ એમ માનતા થાય છે કે, હું આટ-આટલું લોકો માટે કરૂં છતાં લોકો મારી કદર કરતા નથી તેથી લોકો નગુણા છે, ખોટા છે અને મૂર્ખ છે ! ત્યારે એવી ભાવનાવાળા લોકોને પૂછવાનું મન થાય છે કે, ભાઈ, આમ કરવા તમને કોણે કહ્યું હતું ? અને પોતાના કાર્યનો બદલો મળે અને તે મળવા માટે કોઇની સાથે તમે કાંઈ શરત કરી હતી કે શું ? લક્ષમાં રાખવું જોઇએ કે જે એવી અપેક્ષા રાખે છે તે પરોપકાર અને ધર્માનુષ્ઠાનોનું મૂલ્ય સમજતા જ નથી. તેઓ માત્ર તુચ્છ ભીખારીઓ જ હોય છે. જેઓ સાચો પરોપકાર કરે છે. તેઓ તેનો ઉચ્ચાર સરખો પણ કરતા નથી. એટલું જ નહિં પણ તે કલ્પના મનમાં પણ આવવા દેતા નથી એવા લાલચુ માણસોની વૃત્તિને આનંદી એવું ઉપમાન આપી શકાય જ નહિં એઓ તો આશા અને લાલસાના દાસ જ હોય છે. અને સંસારમાં રખડવા માટે જ જન્મેલા હોય છે.

નિરપેક્ષતા જો રાખવામાં આવતી હોય તો જ આનંદી વૃત્તિ પ્રગટે અન્યથા નહિં ! એવી નિરપેક્ષ અને અકલુષિત આનંદી વૃત્તિ સહુમાં પ્રગટે એવી ઇચ્છા રાખી વિરમીએ છીએ.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

**ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા

લખો :—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બન્ધસયગ અને એનાં વિવરણોનું સરવૈયું

પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

આખા વર્ષના હિસાબની તારવણીને 'સરવૈયું' કે 'સરવાયું' કહે છે. વેપારીઓ સરવૈયું કાઢે છે. આત્મનિરીક્ષકો વર્ષમાં એક વાર, તો જૈનો સાંવત્સરિક પ્રતિક્રમણ કરતી વેળા તેમ કરે છે. હું જૈન સાહિત્યનાં પ્રકાશનોને અંગે હાલ તુરત તો શિવશર્મસૂરિકૃત **બન્ધસયગ** અને એનાં અન્યકર્તૃક વિવરણો પૂરતું એ કાર્ય હાથ ધરું છું. આની સર્વાંગીણ સમીક્ષા માટે અત્ર અવકાશ નથી, જો કે એની આવશ્યકતા તો છે જ અને આશા છે કે સવિવરણ **બન્ધસયગ**ના અદ્યતન સંસ્કરણનું કાર્ય કરનારા વિદ્વાન આ વિષયને પૂરતો ન્યાય આપશે. હું તો અહીં આ દિશામાં કેટલું અને કેવું કાર્ય થયું છે અને હજી શું શું કરવું બાકી છે તેનો અંગુલીનિર્દેશ કરવા ઇચ્છું છું.

સદ્‌ભાગ્યે **બન્ધસયગ** અને એનાં મોટા ભાગનાં મહત્ત્વપૂર્ણ વિવરણો દસકાઓ પૂર્વે જેવાં તેવાં પણ પ્રકાશિત કરાયાં છે. હું બે પ્રકાશનો નોંધું છું:—

(૧) અમદાવાદના વીરસમાજે ઈ સ. ૧૯૨૨માં 'ચૂર્ણિ' સહિત પત્રાકારે છપાવેલું "શ્રીશતક-પ્રકરણમ્". આ ચૂર્ણિ "सिद्धो णिज्जूयकम्मो" થી શરૂ થાય છે.

(૨) લઘુભાસ, ચક્રેશ્વરસૂરિકૃત ગુરુભાસ, 'મલધારી' હેમચન્દ્રસૂરિકૃત **વિનેયહિતા** નામની સંસ્કૃત વૃત્તિ તથા મુનિશ્રી રામવિજયજીની (હવે શ્રી વિજય-રામચન્દ્રસૂરિજીની) સંસ્કૃત પ્રસ્તાવના સહિત, અમદાવાદના વીરસમાજે ઇ. સ. ૧૯૨૩ માં પત્રાકારે પ્રસિદ્ધ કરેલું "શ્રીબન્ધશતક પ્રકરણમ્".

આ બંને પ્રકાશનો પૈકી પહેલાને વિશેષ ઉપયોગી અને સમૃદ્ધ બનાવવા માટે નિમ્નલિખિત સામગ્રીઓમાંથી એકને પણ સ્થાન અપાયું નથી! એટલું જ નહિ પણ એ માટે કામમાં લેવાયેલી હાથપોથીની પણ નોંધ નથી તે સમયની પરિસ્થિતિને આભારી હશે

વિષયાનુક્રમ, પ્રસ્તાવના, ગાથાઓનો અકારાદિ ક્રમ, અવતરણોનાં મૂળનો નિર્દેશ, અવતરણોની સૂચી, પારિભાષિક શબ્દોની સૂચી અને વિશેષ નામોની સૂચી.

૧૦૬ ગાથામાં રચાયેલી મૂળ કૃતિના પ્રણેતાનો પરિચય પણ અપાયો નથી. ચૂર્ણિના રચનાર કોઈ પૂર્વકાલીન આચાર્ય છે એવા ઉલ્લેખપૂર્વક **બન્ધસયગ**ની મોટે ભાગે એકેક ગાથા આપી એની નીચે એના સ્પષ્ટીકરણાર્થે ચૂર્ણિનો આવશ્યક અંશ અપાયો છે.

બીજું પ્રકાશન ચડિયાતું છે. એમાં **વિનેયહિતા**ગત પાઇય અવતરણોની છાયા ટિપ્પણરૂપે તે તે સ્થળે અપાઇ છે. લઘુભાસને અંગે માર્ગદર્શક ટિપ્પણો છે. પ્રસ્તાવનામાં **શિવશર્મસૂરિ** શ્રુતકેવલી હશે એમ કહ્યું છે. આ પ્રકાશનમાં મૂળ કૃતિની ૧૦૭ ગાથા અપાઈ છે, જો કે અંતિમ ગાથાનો અંક ૧૦૬ છપાયો છે, પરંતુ એ ખોટો છે અને એ તો ૩૮મી ગાથાના અંક તરીકે ૩૭ના ઉલ્લેખને આભારી છે.[1] મૂળ કૃતિમાં સો જ ગાથા હોવી જોઇએ એમ એનું નામ વગેરે વિચારતાં જણાય છે જ્યારે અહીં તો ૧૦૭ કેમ એ બાબત પ્રસ્તાવનામાં ચર્ચાઇ છે. વિષયના નિરૂપણાર્થે ૧૦૦ જ ગાથા છે એટલે વાંધો નહિ એમ અહીં કહેવાયું છે.[2] શિવશર્મસૂરિ, ચક્રેશ્વરસૂરિ અને મલધારી હેમચન્દ્રસૂરિ એ ત્રણેનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે. છેલ્લા બેનો અને ખાસ કરીને અંતિમનો વિશેષ પરિચય અપાયો હોત તો આ પ્રકાશનનું મહત્ત્વ વધતે. પ્રસ્તાવનામાં **બન્ધસયગ**નું નવ્ય **સયગ** સાથે સંતુલન કરાયું છે તે નોંધપાત્ર છે. વિષયાનુક્રમ કે એક પણ પરિશિષ્ટ

૧ લઘુભાસ માટે પણ આવું બન્યું છે. ૨૫ ગાથા છે, છતાં અંતિમ ગાથાનો અંક ૨૪ નો છે.

૨ આવી દલીલ ગર્ગર્ષિકૃત ૧૬૮ ગાથાના **કમ્મ-વિવાગ**ની પરમાનંદસૂરિકૃત ટીકામાં એ સૂરિએ કરી છે અને કર્તાએ ૧૬૬નો કરેલો ઉલ્લેખ સંગત જણાવ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપાયેલ નથી. અવતરણોનાં મૂળ સૂચવાયાં નથી તેમ જ **વિનેયહિતા**ની વિશિષ્ટતાઓ પણ દર્શાવાઈ નથી તો એ બાબતોને સ્થાન અપાયું હોત તો આ આવૃત્તિ વિશેષ દીપી ઊઠતે

**ત્રણેક ચુણ્ણિઓ ( ચૂર્ણિઓ )–બન્ધસયગ** ઉપર કેટલી ચુણ્ણિઓ રચાઈ હશે તે જાણવામાં નથી. મલધારી હેમચન્દ્રસૂરિએ **બન્ધસયગ**ની વૃત્તિ (પત્ર ૧) આમાં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:–

" इदं च यद्यपि पूर्वचूर्णिकारैरपि व्याख्यातम्, तथापि तच्चूर्णीनामति–

गम्भीरत्वादस्मादृशां दुरधिगमत्वाच्च....

मया व्याख्यायते । "

પત્ર ૨ આ.માં પણ " पूर्वचूर्णिकारैः " અને પત્ર ૮ આ.માં " चूर्णिकारैः " ઉલ્લેખ છે. આ ઉલ્લેખોમાં 'ચૂર્ણિકાર' શબ્દ માનાર્થે બહુવચનમાં વપરાયો હશે કે કેમ તે સુનિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. ગમે તેમ પણ ઓછામાં ઓછી બે ચુણ્ણિ રચાઈ છે એમ આ વૃત્તિમાં [1]લઘુચૂર્ણિ અને [2]બૃહચ્ચૂર્ણિ એ નામો અને બૃહચ્ચૂર્ણિમાંનું અવતરણ વિચારતાં જાણી શકાય છે. મલયગિરિસૂરિએ **સત્તરિયા** (ગા. ૫ અને ૨૧)ની વિવૃત્તિમાં **શતકબૃહચ્ચૂર્ણિ**ના ઉલ્લેખપૂર્વક એકેક અવતરણ આપ્યું છે. એ પૈકી પહેલું અવતરણ " जहा नालिकेर....न य निन्दा " છે અને બીજું " उवसमसम्मद्दिट्ठी........लहइ " છે. આ બે પૈકી પહેલું અવતરણ દેવેન્દ્રસૂરિએ ( ગા. ૧૬ )ની તેમ જ **છાસીઈ** ( ગા. ૧૩ )ની સ્વોપજ્ઞ વૃત્તિમાં બૃહચ્છતક બૃહચ્ચૂર્ણિના ઉલ્લેખપૂર્વક આપ્યું છે. **છાસીઇ** ( ગા. ૫૬ )ની સ્વોપજ્ઞ વૃત્તિમાં બૃહચ્છતક-બૃહચ્ચૂર્ણિના મતને પોતે અનુસર્યા છે એમ એમણે કહ્યું છે. જ્યારે આની ૧૪મી ગાથાની સ્વોપજ્ઞ વૃત્તિમાં તો શતકબૃહચ્ચૂર્ણિના ઉલ્લેખપૂર્વક એક [3]અવતરણ આપ્યું છે કે જે **વિનેયહિતા**(પત્ર ૧૧અ)માં છે

સયગ (ગા. ૯૮)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં બૃહચ્છતક-બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે એવો ઉલ્લેખ કરી દોઢેક ગાથા એમણે અવતરણરૂપે આપી છે. એ **સત્તરિયા** (ગા ૨૧)ની મલયગિરિસૂરિકૃત વિવૃત્તિમાંના અવતરણ સાથે ઘણું સામ્ય ધરાવે છે.

**બન્ધસયગ**ની બૃહચ્ચૂર્ણિમાં વર્ગણાઓની જે ગણના છે તે [4]**કર્મપ્રકૃતિ** વગેરે સાથે મળતી આવતી નથી એમ **વિનેયહિતા** (પત્ર ૧૦૬અ)માં કહ્યું છે.

ચક્રેશ્વરસૂરિએ **બન્ધસયગ** ઉપરના ગુરુભાસ ([5]ગા.૭)માં ચુણ્ણિનો ઉલ્લેખ કર્યો છે તે લઘુચૂર્ણિ કે બૃહચ્ચૂર્ણિ હશે.

**જિનરત્નકોશ** (વિ. ૧, પૃ. ૩૭૦)માં **બન્ધસયગ**ની ચુણ્ણિની જે હાથપોથીઓનો ઉલ્લેખ છે એ બધી " [6]सिद्धो निद्धूयकम्मो "થી શરૂ થતી અને લઘુચૂર્ણિ તરીકે ઓળખાવાતી મુદ્રિત ચૂર્ણિની જ હાથપોથીઓ છે કે એમાં કોઈ બૃહચ્ચૂર્ણિની છે તે તપાસાવું જોઇએ. તેમ થતાં જે બૃહચ્ચૂર્ણિ લુપ્ત થયેલી મનાય છે તે કદાચ મળી આવે. અને જો તેમ થાય તો એ પહેલી તકે છપાવવી ઘટે.

મુદ્રિત ચુણ્ણિના કર્તા **યતિવૃષભ** છે એમ પં. **હીરાલાલ** જૈનનું કહેવું છે તો એ બાબતની સપ્રમાણ સમીક્ષા કરાવી જોઇએ. આ ચુણ્ણિ ક્યારે રચાઈ તે જાણવા માટેનો એક ઉપાય તે એમાંના અવતરણોનાં મૂળ શોધવા તે છે. લઘુભાસ કરતાં એ પ્રાચીન હોય કે ન પણ હોય, પરંતુ **વિનેયહિતા**

૧ પત્ર ૩૭અ.

૨ પત્ર ૧૧અ. માં તો આ નામોલ્લેખપૂર્વક એમાંથી અવતરણ અપાયું છે, જ્યારે પત્ર ૩૭અ. માં કેવળ નામોલ્લેખ છે.

૩ આ અવતરણગત કથન **સત્તરિયા**ની ચૂણ્ણિ કરતાં ભિન્ન મત ધરાવે છે.

૪ આ શિવશર્મસૂરિકૃત **કમ્મપયડિસંગહણી** છે.

૫ " एत्थाभिधेयमङ्गलसम्बन्धपयोयणाइ समईए ।

ऊहेयव्वाइ दुहेहि चुन्नीओ वित्तिओ वा वि ॥७॥ "

અહીં જે વિત્તિનો ઉલ્લેખ છે તે મલધારી હેમચન્દ્રસૂરિકૃત **વિનેયહિતા** જ હશે.

૬ આ પ્રારંભિક પદ્યવાળી ચુણ્ણિ ૨૩૮૦ શ્લોક જેવડી હોવાનો જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૩૭૦)માં ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં–વિ. સં. ૧૧૭૫ કરતાં તો એક બે સૈકા જેટલી તો એ પ્રાચીન છે જ.

બૃહચ્ચૂર્ણિ અને લઘુચૂર્ણિ પૈકી કઈ પહેલી રચાઈ તે તો બૃહચ્ચૂર્ણિ મધ્યે વિચારી શકાય.

મુદ્રિત ચુણ્ણિ (પત્ર ૧૮અ)માં શ્રુતજ્ઞાનના વીસ પ્રકારોને લગતું [1]અવતરણ છે. **વિનેયહિતા** ( પત્ર ૪૩અ)માં વિશેષ જાણવા માટે **બૃહત્કર્મપ્રકૃતિચૂણિ** જોવાની ભલામણ કરાઇ છે.

**ત્રણેક ભાસ**—" णमिऊण जिणं वुच्छामि " થી શરૂ થતું ૨૫ ગાથાનું એક ભાસ છપાવાયું છે. ચોવીસ ચોવીસ ગાથાનાં બે ભાસ હોવાનો ઉલ્લેખ જોવાય છે તે બંને કે પછી એ બેમાંથી એક તો આ જ હશે. ૨૪ ગાથાવાળું ભાસ ભિન્ન હોય તો તે તેમ જ " संखामेत्तपयत्थ " શરૂ થતું ચૌદ ગાથાનું ભાસ સત્વર પ્રકાશિત કરાવાં ઘટે. ગુરુભાસ છપાવાયું તો છે પણ કેટલાંક કારણોને લઇને એનું આધુનિક યુગના માનસને રુચે તેવી રીતે પુનર્મુદ્રણ થવું જોઇએ.

**બે ટિપ્પણક**—આ બંને સંસ્કૃતમાં છે. અને એ અપ્રકાશિત જણાય છે. આ પૈકી એક ટિપ્પણક રવિપ્રભના શિષ્ય ઉદયપ્રભે ૯૭૪ શ્લોક જેવડું રચ્યું છે, જ્યારે બીજું મુનિચન્દ્રસૂરિની રચના છે.

**અવચૂરિ**—આ અપ્રકાશિત નાનકડી સંસ્કૃત કૃતિ ગુણરત્નસૂરિએ રચી છે. એની એક હાથપોથી અહીંના (સુરતના) જૈનાનન્દ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ જોવાય છે.

**છાયા** –**બન્ધસયગ**ની સંસ્કૃતમાં છાયા કોઇએ કર્યાનું અને છપાવાયાનું નહિ જણાતાં મેં એ કાર્ય કર્યું છે.

**અનુવાદ**—**બન્ધસયગ**નો કોઈ પણ ભાષામાં –ગુજરાતીમાં પણ અનુવાદ થયેલો જણાતો નથી. આથી છાયાની પેઠે એ કાર્ય મેં કર્યું છે અને એ બંને મારા સંક્ષિપ્ત સ્પષ્ટીકરણાદિ સહિત મૂળ કૃતિની સાથે સાથે પ્રકાશિત થાય તેવા સુયોગની હું રાહ જોઈ રહ્યો છું. ગાથાનો અકારાદિ ક્રમ તેમ જ પારિભાષિક શબ્દોની સૂચી શ્રી [2]દ્વારકાદાસ રતિલાલ શેઠે મને તૈયાર કરી આપ્યાં છે તે પણ યોગ્ય સ્વરૂપમાં રજૂ કરવાની મારી ભાવના છે.

**વિનેયહિતાનું ભાષાંતર**–**વિનેયહિતા** સુગમ અને રોચક સંસ્કૃતમાં લખાયેલી છે એમાં શંકાઓ ઉઠાવી તેનાં સમાધાનો અપાયાં છે અને કોઈ કોઇ બાબતને અંગે કેવલી જાણે એમ કહ્યું છે ( જુઓ પત્ર ૭૨આ ) આ સ્થળોની નોંધ લેવાવી જોઇએ. **કમ્મપયડિસંગહણી**ની **મલયગિરિસૂરિકૃત** વૃત્તિનું ગુજરાતીમાં ભાષાંતર થયું છે અને એ છપાવાયું છે તો વિનેયહિતા માટે પણ તેમ થવું જોઇએ આ વૃત્તિમાં વિષયોની વિશદ છણાવટ છે, પત્ર ૬૪અ માં પાઠાંતર અપાયું છે તેમ જ કોઇ કોઇ વાર પ્રક્ષિપ્ત ગાથાની નોંધ છે.

**બન્ધસયગના પ્રણેતા**–**કમ્મપયડિસંગહણી**ના બંધનકરણની નિમ્નલિખિત ગાથા ઉપરથી જાણી શકાય છે કે આ **બન્ધસયગ**ના પ્રણેતાએ જ **કમ્મપયડિસંગહણી** રચી છે અને તે પણ પ્રથમ રચી છે–

**" एवं बन्धनकरणे परूविए सह हि बन्धसयगेण।**
**बन्धविहाणाभिगमो सुहमभिगन्तुं लहुं होइ**
**॥ १०२ ॥ "**

આ ગાથામાં સૂચવાયું છે કે બન્ધવિધાનનો બોધ સુગમતાથી મેળવવા માટે **બન્ધસયગ** તેમ જ આ બન્ધનકરણ ઉપયોગી થઈ પડે તેમ છે.

વિશેષમાં **બન્ધસયગ** એ નામ કર્તાને અભિપ્રેત છે, જો કે કાળાંતરે એને બદલે **સતગ** (શતક), **સયગ** અને **બૃહચ્છતક** એવાં નામ યોજાયાં છે, આથી તો મેં આ લેખના શીર્ષકમાં 'બન્ધસયગ'નો પ્રયોગ કર્યો છે

**બન્ધસયગ**માં કે **કમ્મપયડિસંગહણી**માં એના પ્રણેતાએ પોતાનું નામ પણ જણાવ્યું નથી તો પછી એમનો પરિચય તો એમાંથી મળે જ શાનો ?

૧ આ અવતરણ દેવેન્દ્રસૂરિકૃત **કમ્મવિવાગ**ની સાતમી ગાથા છે. એની સ્વોપજ્ઞ વૃત્તિમાં બૃહત્કર્મપ્રકૃતિ જોવી એમ કહ્યું છે.

૨ એમણે ગાથાઓ લખી આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બન્ધસયગ**ના પ્રણેતા આચાર્ય છે, અને એમનું નામ **સિવસમ્મ** ( સં. શિવશર્મન્ ) છે એમ મુદ્રિત ચુણ્ણિ (પત્ર ૧અ)માં કહ્યું છે. સાથે સાથે એમનો નીચે મુજબનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે—

(૧) એઓ [1]શબ્દ, [2]તર્ક, [3]ન્યાય, પ્રકરણ, [4]કર્મપ્રકૃતિ અને ( કે એના ) સિદ્ધાન્તના વિશિષ્ટ જ્ઞાતા હતા.

(૨) એમણે અનેક વાદસભામાં વિજય મેળવેલ.

આમ જે અહીં **બન્ધસયગ**ના પ્રણેતાનું નામ અને એમનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે તેનાથી વિશેષ કે પ્રાચીન માહિતી પૂરું પાડનારું કોઈ સાધન જોવાજાણવામાં નથી.

**ચક્રેશ્વરસૂરિ—નાયાધમ્મકહા**માંની **રત્નચૂડકથા** જે ચક્રેશ્વરસૂરિ અને પરમાનન્દસૂરિના ઉપદેશથી વિ. સં. ૧૨૨૧માં તાડપત્ર ઉપર લખાઇ તે ચક્રેશ્વરસૂરિ અત્ર પ્રસ્તુત હશે. એમ જ હોય તો એમનો સમય વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધથી માંડીને વિક્રમની તેરમી સદીના લગભગ પૂર્વાર્ધ જેટલો ગણાય. ગુરુભાસ ઉપરાંત એમણે કોઇ કૃતિ રચી જણાતી નથી.

**મલધારી હેમચન્દ્રસૂરિ**—પૂર્વાવસ્થાના પ્રદ્યુમ્ને મંત્રીપદ અને ચાર પત્નીનો ત્યાગ કરી 'મલધારી' અભયદેવસૂરિ પાસે દીક્ષા લીધી ત્યારે એમનું નામ હેમચન્દ્ર પડાયું. સિદ્ધરાજ જયસિંહ ઉપર એમનો વિશિષ્ટ પ્રભાવ પડ્યો હતો. એથી તો એ ગૂર્જરેશ્વરે આ સૂરિની [5]સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. આ સૂરિના અન્યાન્ય ગ્રંથોના પરિચયપૂર્વક એમનો જીવન વૃત્તાન્ત આલેખાય તો એ એક મહત્ત્વનું વિશાળ પુસ્તક બને અને એથી તો મારી તેમ કરવાની અભિલાષા છે.

**સમીક્ષાત્મક સંસ્કરણ—બન્ધસયગ** એ એનાં પ્રકાશિત તેમ જ અપ્રકાશિત વિવરણો, છાયા, વિશિષ્ટ પ્રસ્તાવના અને મહત્ત્વપૂર્ણ પરિશિષ્ટો તથા ટિપ્પણો સહિત છપાવવું ઘટે. દરમ્યાનમાં મૂળ કૃતિ ગુજરાતી અનુવાદ અને ખપપૂરતા વિવેચન સહિત પ્રકાશિત કરાય તો વિવરણાદિનો લાભ લેવાની ઉત્કંઠા સતેજ બને.

પ્રસ્તાવનામાં નામકરણ, ભાષા, છંદ, શૈલી, ઉપયોગમાં લેવાયેલી હાથપોથીઓનો તેમ જ મૂળકાર અને વિવરણકારોનો વિસ્તૃત પરિચય તથા **બન્ધસયગ**ની દેવેન્દ્રસૂરિકૃત **સયગ** તથા શ્વેતાંબરીય અને દિગંબરીય ગ્રંથોના એક અંશરૂપ સયગો ( શતકો ) સાથે સંતુલન ઈત્યાદિ બાબતો વિચારવી જોઇએ.

મૂળની ભાષા પાઇય-જઈણ મરહટ્ઠી ( જૈન માહારાષ્ટ્રી ) છે. એમાં મકારાદિની અલાક્ષણિકતા, વિભક્તિઓના લોપ અને વ્યત્યય, છંદની ખાતર 'સરીર'ને બદલે 'સરિર'નો પ્રયોગ વગેરે નજરે પડે છે તો એની યથાયોગ્ય નોંધ લેવાવી ઘટે.

પત્ર ૯૯અ માં 'मुणितव्याः' એવો પ્રયોગ **વિનેયહિતા**માં છે.

**શૈલી—બન્ધસયગ**ની શૈલી વિષે વિચાર કરાયો જણાતો નથી. આ ગ્રંથ કર્મસિદ્ધાન્તના શિખાઉ માટેનો નથી. એ તો આ સિદ્ધાન્તથી અમુક અંશે તો પરિચિત વ્યક્તિ માટેનો છે. એ સ્વાધ્યાય માટે આવૃત્તિ કરવા માટે ઉપયોગી છે. એમાં કેટલીક વાર પ્રકૃતિઓનાં નામ ન આપતાં એની સંખ્યા જ અપાઈ છે એટલે આ ગ્રંથ પ્રાવેશિક કોટિનો નથી. ઉત્તર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામિત્વ કહ્યા બાદ એની જઘન્ય સ્થિતિ પરત્વે કથન ન કરતાં અન્ય બાબત જે રજુ કરાઇ છે તે ગ્રંથકારની શૈલીની વિચિત્રતાનું દ્યોતન કરે છે એમ **વિનેયહિતા** (પત્ર ૧૧૯અ)માં કહ્યું છે. બાવનમી (ખરી રીતે ત્રેપનમી) ગાથામાં મૂળ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ સાંભળો એમ કહ્યા પછી એ બાબત રજૂ કરાઇ નથી. શું

૧ આથી 'વ્યાકરણ' અભિપ્રેત હશે.

૨-૩ આ બે નો ઉલ્લેખ કેમ ? શું 'ન્યાય' એટલે નૈયાયિક દર્શન ?

૪ આથી શું આ નામનું પાહુડ સમજવાનું છે ?

૫ આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "સિદ્ધરાજના સમયની સ્મશાનયાત્રાઓ". આ લેખ અહીંના ( સુરતના ) "ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ" નાં તા. ૨૨-૩-'૬૩ના અંકમાં છપાયો છે એમાં મારા પિતાનું નામ ખોટું છપાતાં બીજે દિવસે એ સુધારાયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૌદ ગુણસ્થાન

પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ. એ. સાહિત્યાચાર્ય-ભાવનગર

જૈનદર્શનમાં ચૌદ ગુણસ્થાનોનો ઉલ્લેખ છે. ગુણસ્થાન એટલે ગુણની અવસ્થા. ગુણ કોનો ? આત્માનો. એટલે આત્માના ગુણોનો વિકાસ યથાયોગ્ય ક્રમશઃ ચૌદ શ્રેણિઓમાં થાય છે. પ્રથમ શ્રેણીના જીવોની અપેક્ષા બીજી-ત્રીજી શ્રેણીના જીવ આત્મગુણના વિકાસમાં આગળ વધેલાં હોય છે. આ રીતે પૂર્વની અપેક્ષાએ પર શ્રેણીમાં જીવ વિકાસોન્મુખ બનતો જાય છે. આમ થતાં થતાં બારમી શ્રેણીમાં નિરાવરણ બનીને તેરમી શ્રેણીમાં જીવનમુક્ત પરમાત્મા બને છે અને મૃત્યુના સમયે ચૌદમી શ્રેણીમાં આવીને તુરત જ પરમ પદને પામે છે, અર્થાત્ નિર્વાણધામમાં જાય છે. બધાં પ્રાણી પ્રાથમિક અવસ્થામાં તો પ્રથમ શ્રેણીમાં-ગુણઠાણામાં હોય છે ત્યારબાદ જેવો પુરૂષાર્થ તેવો આત્માના ગુણોનો વિકાસ થાય છે. મન્દમતિવાળો અમુક શ્રેણીઓમાં ઘણો સમય અટકી જાય છે જ્યારે પ્રબળ પુરૂષાર્થી ક્રમશઃ આગળને આગળ વધતો જાય છે ને તે તરત જ બારમા ગુણઠાણે પહોંચી જાય છે અને ત્યાર પછી તેરમા ગુણઠાણે આવીને કેવલજ્ઞાની થાય છે. ગુણઠાણાનો અર્થ છે આત્માની ઉત્ક્રાન્તિ. અગિયારમા ગુણઠાણા સુધી પહોંચેલ જીવને પણ મોહ થાય છે જેના પરિણામે તે પાછો અધોશ્રેણીએ પહોંચી જાય છે. માટે અગિયારમી શ્રેણી સુધી પ્રમાદ થઈ શકે છે તેથી અપ્રમત્તભાવ કેળવાય અને તે ટકી રહે તે જાતનો પ્રયાસ સાધકે અહર્નિશ કરવો પડે છે. બારમા ગુણઠાણે પહોંચેલ જીવને કોઈ જાતનો મોહાદિ ભયભીત કરી શકતા નથી અર્થાત્ તે ઉત્તરોત્તર આગળ જ વધે છે. ગુણસ્થાનો તો અસંખ્યાત છે, પરન્તુ સમજવા ખાતર ગુણસ્થાન ચૌદ વિભાગોમાં વિભક્ત કરેલ છે, તે આ પ્રમાણે—

૧–મિથ્યાદ્રષ્ટિ, ૨–સાસાદન, ૩–મિશ્ર, ૪–અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ, ૫–દેશવિરતિ, ૬–પ્રમત્ત, ૭–અપ્રમત્ત, ૮–અપૂર્વકિરણ, ૯–અનિવૃત્તિકરણ, ૧૦–સૂક્ષ્મ સમ્પરાય ૧૧–ઉપશાન્તમોહ, ૧૨–ક્ષીણમોહ, ૧૩–સયોગિકેવળી, ૧૪–અયોગિકેવળી.

આ બધાં ગુણસ્થાનોનો વિસ્તારના ભયે સંક્ષેપમાં વિવેચન આ પ્રમાણે છે.

૧. મિથ્યાત્વ ગુણસ્થાન–જ્યાં સુધી માણસને આત્મકલ્યાણ સાધવાની દ્રષ્ટિ પ્રાપ્ત થઈ ન હોય ત્યાં સુધી તે આ સ્થાનમાં રહે છે. આ પ્રાણીમાત્રની પ્રાથમિક અવસ્થા છે. આનું મૂળ કારણ છે આત્મા સંબંધીનું અજ્ઞાન. તેને લીધે કર્તવ્ય–અકર્તવ્યવિષયક વિવેકનો અભાવ હોય છે અને આને જ મિથ્યાત્વ કહે છે. જેવી રીતે સજ્જનો ને દુષ્ટ, અને દુષ્ટ ને સજ્જન, કલ્યાણ ને અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ માની લેવું. આ ભૂમિકામાં યથાર્થ સમ્યગ્દર્શન પ્રકટ થતું નથી.

૨. સાસાદન ગુણસ્થાન–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી પણ તીવ્ર ક્રોધાદિ કષાયોદયરૂપ હોવાથી આ શ્રેણીમાં પતિત થવાય છે. આ ગુણસ્થાન ક્ષણ માત્રનું છે કારણ કે પતિત થતા કેટલી વાર ?

૩. મિશ્ર ગુણસ્થાન–સમકિત અને મિથ્યાત્વ આ બન્નેના મિશ્રણરૂપ આત્માના વિચિત્ર અધ્યવસાયનું નામ મિશ્ર ગુણસ્થાન છે. આ ગુણસ્થાનમાં અનન્તાનુબન્ધી કષાયો હોતાં નથી તેથી પહેલાં બે ગુણસ્થાનોથી શ્રેષ્ઠ છે. આ ભૂમિકામાં સન્માર્ગ તરફ શ્રદ્ધા પણ નહિ અને અશ્રદ્ધા પણ નહિ તેવી સ્થિતિ હોય છે. જો વ્યક્તિ સત્ય તરફ અભિમુખ બને તો તે આગળ વધતો જાય છે.

૪. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ–વૈરાગ્ય વિનાના સમ્યગ્દર્શનને અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ કહે છે. જ્યારથી

---

( બન્ધસયગ અને એનાં વિવરણોનું સરવૈયું )

એને લગતી ગાથા રચાઈ જ નહિ હશે ? મુદ્રિત ચુણ્ણિ (પત્ર ૨૭અ)માં તો આને અંગે એક ગાથા આપી વ્યાખ્યા કરાઈ છે.

વિવરણોની અન્યોન્ય વિશિષ્ટતાઓ દર્શાવાવી જોઈએ.

પરિશિષ્ટોમાં મૂળ વગેરેમાંનાં અવતરણોનાં મૂળ અને એની સૂચિ અપાવી જોઈએ.

અંતમાં એટલું જ કહીશ કે વિશેષનામોની અને પારિભાષિક શબ્દોની સૂચી વગેરેથી આ સંસ્કરણ સમૃદ્ધ બનાવાશે તો જૈન સાહિત્યની પ્રભાવના કર્યાનો લાભ મળશે. અને કર્મસિદ્ધાન્તને અંગે ઝીણવટ ભર્યો અભ્યાસ કરવાની પ્રેરણા ઉદ્ભવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમકિતપણું જીવ પામે છે ત્યારથી તેના ભવની ગણતરી શરૂ થાય છે તેથી આત્મવિકાસની મૂળ આધારભૂમિ આ ગુણઠાણું છે મિથ્યાદ્રષ્ટિમાં ધાર્મિક ભાવના હોતી નથી, જ્યારે સમ્યગૂદ્રષ્ટિ ધાર્મિક ભાવનાશીલ તેમજ આત્મદ્રષ્ટિયુક્ત હોય છે. તે પોતાના આત્માની જેમ બીજાના આત્માને માને છે. આ ભૂમિકામાં પાપ અને પુણ્યનો ખ્યાલ આવે છે. મિથ્યાદૃષ્ટિ જો કોઈનું કલ્યાણ કરે છે તો તે સ્વાર્થવશ અથવા પક્ષપાતપૂર્વક અથવા કૃતજ્ઞતાને લીધે કરે છે જ્યારે સમ્યગૂદ્રષ્ટિ સ્વાર્પણ ભાવનાથી કરે છે તેનામાં અનુકમ્પા તેમ જ બન્ધુભાવની વ્યાપક ભાવના હોય છે.

૫. દેશવિરતિ—સમ્યગૂદ્રષ્ટિપૂર્વક ગૃહસ્થધર્મના વ્રતોનું યથાયોગ્ય પાલન કરવું તેનું નામ દેશવિરતિ છે. દેશવિરતિ એટલે મર્યાદિત વૈરાગ્ય.

૬. પ્રમત્તગુણસ્થાન—પંચમહાવ્રતધારી સાધુજીવનનું આ ગુણઠાણું છે. પરન્તુ અહિંયા સર્વવિરતિ હોવા છતાં પ્રમાદભાવ રહે છે. કષાય મન્દ હોય તો તેની ગણના પ્રમાદમાં કરવામાં આવતી નથી. કારણ કે કષાયનો ઉદય તો દશમા ગુણઠાણા સુધી થવાનો છે.

૭. અપ્રમત્ત ગુણસ્થાન—પ્રમાદ રહિત સાધુનું આ સાતમું ગુણઠાણું છે. સંયમી પુરૂષ ઘણીવાર પ્રમત્ત તેમજ અપ્રમત્ત અવસ્થામાં ડોલાયમાન થાય છે પરન્તુ જો સાવધાની રાખવામાં આવે તો આ અવસ્થામાં જલ્દી અપ્રમત્તતા આવી જાય છે.

૮ અપૂર્વકરણ-આ ગુણઠાણામાં ચારિત્ર મોહનીય કર્મના ક્ષય કરવાની અપૂર્વ તક મળે છે.

૯. અનિવૃત્તિકરણ—આઠમા ગુણઠાણામાં પ્રાપ્ત થયેલ ભાવોત્કર્ષ આ ગુણઠાણામાં આગળ વધીને આત્માના ઉત્કર્ષ માટે થાય છે. સંક્ષેપમાં આઠ અને નવમા ગુણઠાણામાં આત્મિક ભાવની નિર્મળતા વધુને વધુ થતી જાય છે.

૧૦. સૂક્ષ્મ સમ્પરાય-આ સ્થિતિમાં કેવલ એક માત્ર લોભનો સૂક્ષ્મ અંશ અવશિષ્ટ રહે છે. સમ્પરાયનો અર્થ કષાય સમજવાનો છે

૧૧. ઉપશાન્ત મોહ—આ ગુણઠાણામાં સમ્પૂર્ણ મોહનુ ઉપશમન થાય છે.

૧૨. ક્ષીણ મોહ—આ ગુણઠાણામાં પણ સમ્પૂર્ણ મોહનો ક્ષય થાય છે. અગીયારમા અને બારમા ગુણઠાણામાં ફરક માત્ર એટલો છે કે—ઉપશાન્ત મોહના આત્મભાવની અપેક્ષાએ ક્ષીણ મોહ આત્મભાવ અત્યન્ત ઉત્કૃષ્ટ છે. અગીયારમા ગુણઠાણામાં ઉપશાન્ત મોહનો સમભાવ સ્થાયી રહેતો નથી જ્યારે બારમામાં ક્ષીણમોહનો સમભાવ પૂર્ણરૂપે સ્થાયી હોય છે. બારમા ગુણઠાણામાં આત્મા ચિત્તયોગની પરાકાષ્ઠારૂપ શુક્લ સમાધિ પર આરૂઢ થઈને સમ્પૂર્ણ મોહાવરણ, જ્ઞાનાવરણ અને દર્શનાવરણ તથા અન્તરાયચક્રનો ધ્વંસ કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કેવલજ્ઞાન પ્રાપ્ત થતાની સાથે જ—

૧૩. સયોગિકેવલી—તેરમા ગુણઠાણાનો આરંભ થાય છે આ ગુણઠાણે પહોંચેલો જીવ પણ શરીરધારી હોવાને લીધે ગમનાગમન, બોલવું વગેરે કાર્યો કરે છે. શરીરાદિની ક્રિયા રહેવાથી શરીરધારી કેવલી સયોગિકેવલી કહેવાય છે.

૧૪ અયોગિકેવલી-જિન—કેવલી પરમાત્મા આયુષ્યના અન્તના સમયે પોતાના શરીરાદિના બધા વ્યવહારોનો નિરોધ કરે છે, તે નિરોધની પૂર્ણ અવસ્થાનું ગુણસ્થાન છે. અયોગિકેવળી, કેવળીઅયોગી હોવાની સાથે જ તેનું શરીર છુટી જાય છે અને તે પરમાત્મા, અમૂર્ત અરૂપી, કેવળ જ્યોતિસ્વરૂપ, સચ્ચિદાનન્દ પરમ કૈવલ્યધામને પામે છે.

આ ઉપરના વિવેચનથી આપણે જાણી શકીએ છીએ કે કોઈ પણ જીવ સર્વ પ્રથમ તો મિથ્યાત્વ ગુણઠાણામાં હોય છે અને ત્યાર પછી પ્રબલ પુરૂષાર્થથી તે પોતાના આત્માના ગુણોનો વિકાસ કરતો જાય છે. આ બધામાં મોહનીય કર્મનો નાશ થવો સર્વ પ્રથમ આવશ્યક છે. મોહનીયના બે પ્રકારો છે—દર્શન અને ચારિત્ર. આત્મતત્ત્વના બોધને જે રોકે તે દર્શનમોહનીય અને જે ચારિત્રને રોકે તે ચારિત્રમોહનીય કહેવાય છે. આગળ જતાં દર્શનમોહનીયના ત્રણ ભેદો થાય છે તે સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય. જ્યારે ચારિત્રમોહનીયના પચીસ ભેદો છે. જેવાકે—ક્રોધ, માન, માયા અને લોભ; આ ચાર કષાયો. આ ચાર કષાયોના અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એવા ચાર ચાર ભેદો થતાં કષાયના ૧૬ ભેદો થાય છે. આના સહચારી બીજા નવ કષાયો ગણાવવામાં આવેલાં છે—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. આ રીતે ચારિત્રમોહનીયના પચીસ ભેદો થાય છે. સંક્ષેપમાં આ બધા કષાયોનો નાશ કરીને જીવ આત્મગુણનો વિકાસ કરતો જાય છે અને છેવટે તે મોક્ષગતિને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संसार दावानल स्तुति की अेक प्राचीन भाषाकी टीका

ले० अगरचंदजी नाहटा

जैन स्तुति, स्तोत्र, स्तवन आदि रचनायें प्राकृत, संस्कृत, अपभ्रंश, हिन्दी, राजस्थानी, गुजराती भाषाओं की रचनायें हजारों की संख्या में प्राप्त हैं। इनके बहुत से संग्रह-ग्रन्थ भी निकल चुके हैं। पर अभी अप्रकाशित रचनायें, प्रकाशित रचनाओं की अपेक्षा बहुत अधिक है। ये रचनायें छन्द, शैली, विषय और भाव की दृष्टि से भी विविध प्रकार की हैं। करीब १५००-२००० वर्षों से इनकी परम्परा बहुत ही अच्छे रूप में चली आ रही है। दि० सम्प्रदाय की अपेक्षा श्वे. सम्प्रदायने इस प्रकार की रचनायें अधिक संख्या में बनाई और प्रकाशित भी बहुत अधिक हो चुकी हैं।

महान् आचार्य हरिभद्रसूरीजी की रचना के रूप में "संसार दावानल" आद्य पद से प्रारंभ होनेवाली वीर स्तुति काफी प्रसिद्ध है। सम संस्कृत भाषा में रचित इस स्तुति का पाठ श्वेताम्बर प्रतिक्रमण में स्त्रियों और साध्वियों के द्वारा तो नित्य प्रति किया जाता है। और श्रावकों में भी इस भावपूर्ण रचना के प्रति विशेष आदर है। इस स्तुति के प्रत्येक चरण की पाद-पूर्ति रूप में कई स्तोत्र रचे गये। जिनमें से सुमति कल्लोल रचित प्रथम जिन स्तव और अन्य रचित "पार्श्व जिन स्तव तथा जिन स्तुति" "जैन स्तोत्र संग्रह" भाग १-२ में प्रकाशित हो चुका है। २-३ अन्य संसार दावानल, पाद-पूर्ति, स्तोत्र, स्तुति हमारे संग्रह में है जिनका विवरण मैंने अपने "जैन पाद-पूर्ति साहित्य" नामक लेख में कई वर्ष पूर्व दिया था।

इस स्तुति पर ज्ञानविमलसूरी के रचित टीका दया-विमल ग्रन्थमाला से प्रकाशित हो चुकी है। पार्श्वचन्द्र तथा एक अज्ञात कर्तृक टीका भी इस स्तुति की प्राप्त है। गुजराती और हिन्दी अनुवाद भी पंच प्रतिक्रमण सार्थ वाली पुस्तकों में छप चुके हैं। पं. हरगोविन्ददासने अपने हरिभद्रसूरिवाले निबंध में इस स्तुति की रचना सूरिजीने अंतिम समयमें की, ऐसा आमनाय होने का लिखा है। प्रो. हीरालाल कापड़िया और धीरजलाल शाहने एक अन्य प्रवाद का उल्लेख किया है कि इस स्तुति के चौथे पद्य के आद्य चरण की रचना करते हुये हरिभद्रसूरि अवाक बन गये अतः बाकी तीन चरणों की रचना संघने की, इसी लिये उन तीन चरणों को सकल संघ साथ में मिलकर बोलता है। रचना में हरिभद्रसूरि का नाम नहीं है पर अन्त में "भवविरह" शब्द आते रचना उन्ही की है। कापड़ियाजीने प्रश्न उठाया है कि इसकी प्राचीन प्रति कब की मिलती है और प्राचीनतम उल्लेख किस प्रति में है? आदि बातें प्रकाश में आनी चाहिये।

प्रस्तुत स्तुति को एक बालावबोध भाषा टीका १५ वी-१६ वी शताब्दी की लिखी हुई प्रति में मुझे प्राप्त हुई है, उसे यहां नीचे दिया जा रहा है—

गाथा—

संसार दावानल दाह नीरं
संमोह धूली हरणे समीरं।
माया रसा दारण सार सीरं
नमामि वीरं गिरि सार धीरं।

(પાછળ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

भाषाटीका–वीरू भणियइ श्रीमहावीर देवु सुहुं नमउं किसउ अर्थु पणमउं जु परमेश्वरू किसउं संसारू भणितु दावानलु तीय तणउ छइ जु दाहु तापु तीयहइं नीरू पानीय किसउ अर्थु जिम नीरि दावानळ नउ दाह उपसमइ। तिम श्रीमहावीरू प्रणमि अइ। संसार नउ दाह उपसमइ अनइ जु श्रीमहावीरू किसउ संमो. संमोह रूपिणी धूलि तीय हरिवा कारणि समीरू महावायु सरीखउ। जिम महावायु धूलि अपहरइ तिम परमेसरू संमोह अपहरइ। अनइ माया रसादा. माया भणित रसार भूमि तीय विडारिवा नइ कारणि सारू क्षीरू। हलु जिम हलि करि भूमि विदारियइ तिम स्वामी माया विदारइं अनइ जु प्रभु गिरि सारू भणियइ मेरू तीय सारिखउ धीरू। जिम मेरू किण ही चलावी न सकियइ तिम सु जगन्नाथु पुण शुभ ध्यानइ तउ देव दानवि मानवि कहीं चलावी न सकियइं इसउ श्री महावीरदेउ नितु हउं प्रणमउ ॥१॥

गाथा—

भावाव नाम सुर दानव मानवेन
चूला विलोल कमलावलि मालितानि।
संपूरितामि नत लोक समीहितानि
कामं नमामि जिनराज पदानि तानि ॥२॥

भाषाटीका–विलोकोत्तर जिनराज भणियइं श्रीतिर्थंकर तीयना पाय हउं नमउं। नमस्कारउं जे तीर्थंकरना पाय किसा? भावि करि भक्ति करी अव नाम प्रणामता जि सुर दानव मानव तणा इन स्वामी तियं तणी चूला वीणी तिहा जिवेलोल चंचल जि कमल तीह तणी आवलि श्रेणितणी करी मालित पूजित अनइ अभिनत नम्यां लोकानां समीहित जि पूरइं ति जिनराजना पग कामं अतिशय करी नमउं प्रणमउं ॥२॥

गाथा—

बोधा गाधं सु पद पदवी नीर पूराभीरामं
जीवाहिंसा विरल लहरी संगमागाह देहं
चूला वेलं गुरू गम मणी संकुल दूर पारं
सारं वीरा गम जलनिधि सादरं साधु सेवे ॥३॥

भाषाटीका–वीरागम जलनिधि श्रीमहावीर देव नाउ सिद्धान्त समुद्रु सादर परायणु हउं साधु रूड़ी परि सेवकं। जु किसउं बोध कहियइ ज्ञानु तिणि करी अगाधु सुपद भणियइ भलां पद नउ मागु तेऊ भणितु नीरू पुरू तिणि करी अभिरामु मनोहरू अनइ जु आगम किसउ जीव तणी अहिंसा तेइ अविरल सा घणी लहरि तीय तणइ संगमि करी अगाह देहु अलंघनीय सरीरू। चूलावेलं चूलाइ भणितु वेला जिय हद गरूया छइं जि गम पाठ विशेष तेई जि मणि ती ए संकुलु दूर वेगलउ पारू जीय नउ अनइ सारू प्रसनु इसउं श्रीमहावीर नउ आगम जलनिधि सु सादरू पूंवकु साधु रूडी परि सेवउं ॥३॥

गाथा—

आमूला लोल धूली बहुल परिमला
लीढ लोलालिमाला।
झंकारा रावसारा मलदल कमला
गार भूमि निवासे।
छाया संसार सारे वरकमल करे
तार हाराभिरामे।
वाणी संदोह देहे भव विरह वरं
देहि मे देवि सारं ॥४॥

भाषाटीका–हे देवि! श्रुत देवते, मे मह्यं सारं प्रधानं प्रस्तावत् मोक्षं देहि। हे श्रुतदेवति मूहइं सारू मोक्ष देहि। जु किसउं सारू भव

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ જા ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only